જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦  ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧/૫/૨૦૧૫ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-  સમાચાર યાદી નં.૮૭૨/૧૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી ૫૧ વ્યક્તિઓને ઝડપી, ૧૦૮ લીટર દેશી દારૂ, ૧૨ ઈંગ્લીશ દારૂ અને ૧૧૯ બિયર ટીન કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૫૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૮૭૩/૧૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૨૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૨૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ-  સમાચાર યાદી નં.૮૭૪/૧૫

કાલુપુર : અતુલભાઈ સુર્યકાંતભાઈ વ્યાસ (રહે.મામાનો ખાંચો નાની બ્રહ્મપુરીની પોળ ઝકરીયા મસ્જીદ રોડ કાલુપુર) એ તા.૩૦/૪/૧૫ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૪/૧૫ સાંજના ૫/૦૦ થી તા.૨૫/૪/૧૫ બપોરના ૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૭,૭૫૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી ડી ઝીલરીયા ચલાવે છે.

## વાહન ચોરીઃ-  સમાચાર યાદી નં.૮૭૫/૧૫

ગાયકવાડ હવેલીઃ હારૂનભાઈ ફારૂકભાઈ શેખ (રહે.ચેપી હોસ્પીટલ પીરાણા રોડના છાપરાં બહેરામપુરા) એ તા.૩૦/૪/૧૫ સવારના ૭/૦૦ વાગે જમાલપુરબ્રીજ નીચે કલ્યાણ હોટલ સામે પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૧.બીવાય ૮૫૪૬ કિમત રૂપિયા ૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સવારના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ હારૂનભાઈ શેખે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી યુ પાડવી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u> <u>સમાચાર યાદી નં.૮૭૬/૧૫</u>

શહેરકોટડાઃ મનુભાઈ પ્રતાપજી ઠાકોર (રહે.રમણ ડાહ્યાની ચાલી સીટી ગોલ્ડ સીનેમા સામે સરસપુર) એ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૪/૧૫ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે સૈયદ રીયાઝ હુસેનની ચાલી સામેથી મનુભાઈના ભાઈ, હરીભાઈ (ઉ.વ.૪૦) પસાર થઈ રહ્યા હતા ત્યારે ડમ્પર ગાડી નંબર જીજે.૧.ઝેડ ૪૦૭૩ ના ચાલકે ડમ્પર ગાડી પુરઝડપે અને બેદરકારીથી ચલાવી હરીભાઈને ટક્કર મારતા, હરીભાઈને ગંભીર ઈજાઓ થતા, સારવાર માટે સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૩૦/૪/૧૫ કલાક ૦૦/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન બી સોલંકી ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)